## નિવેદન - ઋણસ્વીકાર

*સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં એમ.એ.ના અભ્યાસ દરમ્યાન લોકસાહિત્યનો પરિચય થયો. વિષય ઘણો રસપ્રદ હતો. એની પાછળ જવાબદાર કારણ મારું ગામડાનું બાળપણ. ગામનાં રીતરિવાજો, પરંપરાઓ અને માન્યતાઓ મન પર ઊંડી અસર કરી ગયાં હતાં. આ સંસ્કારો જાગૃત થયા એમ.એ.ના અભ્યાસ દરમ્યાન.* Ph.D.*ના અભ્યાસ માટે વિષય પસંદ કરવાનો થયો ત્યારે મનમાં એક અપેક્ષા એ હતી કે, લોકસાહિત્યમાં જો કામકરવાનો મોકો મળે તો વધારે સારું.*

*માન્ય પવારસાહેબે આ મોકળાશ કરી આપી,* **"તો કંઈ વાંધો નહીં, તને ગમતો વિષય લઈ લે."** *અને આખરે લોકદુહા પર પસંદગી ઊતરી. જ્યારે ભરત મહેતાસાહેબ સાથે ચર્ચા કરી ત્યારે તેમણે પણ લીલી ઝંડી આપી દીધી.*

*દુહો ૨૪ માત્રાનો કાવ્યપ્રકાર પણ તેમાં આકાશ જેટલી વિશાળતા ને સાગર જેટલું ઊંડાણ, આંખોમાંથી અશ્રુની ધારા વહાવી દે એટલી કરુણતા ને હૃદયની આરપાર ઊતરી જાય એવો તીવ્ર વ્યંગ હંમેશા મારા હૃદયને સ્પર્શી રહેતો. ક્યારેક આ દુહો મને મારી અંદર જીવતો પણ લાગ્યો.*

*હૈડા ભીતર દવ બળે, કોઈ ન જાણે સાર;*<br>
*કાં મન જાણે આપણું, કાં જાણે કિરતાર.*

*વિષય ગમવો અને તેના પર શાસ્ત્રીય સંશોધન કરવું - બન્ને વાતોમાં જમીન-આસમાનનું અંતર છે. દેખાતો સરળ વિષય જ્યારે સંશોધનની એરણ પર મૂકીએ ત્યારે કેવો અઘરો બને તે મને સંશોધન દરમ્યાન સમજાયું. મનમાં તો એટલું જ હતું કે દુહાનું વર્ગીકરણ કરવાનું છે, એની સમજ મારામાં છે. પણ ખરેખર એટલું સરળ આ કાર્ય નથી. એમાં અનેક પ્રશ્નોએ મૂંઝવણ વધારી દીધી હતી. શબ્દોના અર્થની મૂંઝવણ, પાઠાંતરો, પુનરાવર્તનની કોઈ સીમા આ ક્ષેત્રમાં નથી. એકનો એક*

દુહો વારંવાર સામે અથડાય... આ બધી મૂંઝવણોનો કોઈ પાર ન હતો. સમજશક્તિનું ઊંડાણ અને કામની ધીરજ માગી લે તેવું આ કામ હતું.

મારા સંશોધનકાર્ય દરમ્યાન નાનીમોટી મુસીબતો આવી. એમાં ખાસ ત્રણ પુસ્તકો મેળવવા અઘરાં બન્યાં : (૧) કાઠિયાવાડી ઝવાહીર,(૨) ગુજરાતી કહેવત સંગ્રહ અને (૩) કાઠિયાવાડી સાહિત્ય. એ સિવાય વર્ગીકરણનું કાર્ય જ્યારે હાથમાં લીધું ત્યારે ગીતકથાઓના દુહાઓ જેમ કે મેહ-ઊજળી, રાણક-ખેંગાર, ખીમરો-લોડણ, શેણી-વેજાણંદ વગેરે ગીતકથાઓના મોટા ભાગના દુહો અન્ય કોઈ જગ્યાએ મૂકી શકાતા નથી. એ વાર્તામાં જ તે દુહાઓ શોભે છે. ત્યાં જ તેનું સ્થાન છે. એટલે, તે દુહાનું વર્ગીકરણ અશક્ય છે. લોકકવિઓએ ગુજરાતી સાથે હિન્દી શબ્દોનો ભરપૂર પ્રયોગ કર્યો છે. એના પરિણામે હિન્દી-ગુજરાતી મિશ્રમવાળા દુહા ખાસ્સા મળે એટલે એની નજીક આવી જાય કબીર, રહીમ, તુલસીદાસ અને સુરદાસના દુહા અભ્યાસનાં પુસ્તકોમાં પુષ્કળ પડ્યા છે. જે દુહામાં દુહાના રચયિતાનું નામ હોય ત્યાં તો પ્રશ્ન નથી આવતો પણ બીજા દુહા પણ મોટી સમસ્યા ઊભી કરે છે. આ તમામ ગૂંચોમાંથી નીકળીને દુહાના ક્ષેત્રમાં આ આગવું કામ થયું તે બદલ મા સરસ્વતીનો આભાર.

કોઈ પણ સંશોધનકાર્ય પાછળ કોઈ એક જ વ્યક્તિની મહેનત હોય એ માનવું અયોગ્ય છે. જેમ વૃક્ષ ફળ આપે તે વૃક્ષ એકનું જ ફળ હોતું નથી પણ તેમાં એકથી વધારેનું યોગદાન હોય છે. એવી રીતે સંશોધનમાં પણ અનુકૂળ સંજોગો, સંદર્ભ સામગ્રીની ઉપલબ્ધિ, અધ્યયનશીલ અધ્યાપકનું માર્ગદર્શન, મિત્રોનો સહયોગ, પરિવારની હૂંફ અને પ્રેરણાથી સંશોધનકાર્ય પાર પડે છે.

મારા આ સંશોધનકાર્ય દરમ્યાન એક ગુરુની જેમ નહીં પણ લાગણીશીલ પિતાની ભૂમિકા ભજવનાર મારી તમામ ચિંતાઓને દૂર કરનાર એવા માર્ગદર્શક ડૉ. પી.સી. પવારસાહેબ કે જેઓએ મને માત્ર Ph.D. પૂરતું જ માર્ગદર્શન નથી આપ્યું પરંતુ જીવનના પ્રશ્નોમાં પણ એટલી જ સહજતાથી માર્ગ કરી આપ્યો છે. તો શ્રીમતી મોહનાબેન અને નાની બેન હરમિતાને કેમ ભૂલી

*શકાય ? તેઓએ પણ મારું પોતાના પરિવારના સભ્યની જેમ જ હંમેશા ધ્યાન રાખ્યું છે. એટલે પવારસાહેબ અને તેમના પરિવારનો હું જિંદગીપર્યંત ઋણી રહીશ.*

*મારું* Ph.D. *વહેલી તકે પૂરું થાય એટલા માટે મને વારંવાર પ્રશ્ન પૂછતા, ''હજી કેટલું બાકી છે, લખ ને, તું લખતો જ નથી.''નો મીઠો ઠપકો આપનાર મારાં માતાશ્રી ઝીણીબેન, જેણે પોતાની જિંદગી સંતાનોનાં સુખ અને માંગલ્ય માટે કાઢી નાખી તેવા મારા પિતાનો આ ક્ષણે હૃદયપૂર્વક આભાર માનું છું. મારી બહેન અને નાના ભાઈને પણ આ તકે કેમ ભૂલી શકાય ?*

*મારી ધર્મપત્ની જાગૃતિ, જેણે હંમેશા મને આ કાર્ય માટે જાગૃત રાખવાનું કામ કર્યું છે. પોતે શિક્ષિકા હોવા છતાં બબ્બે મોરચે તે લડતી રહી. મારા કાર્યમાં ક્યારેય બાધા કે મુશ્કેલી ઊભી થવા દીધી નથી. તેનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે.*

*મારા સંશોધનકાર્યમાં રસ લેતા મ.સ. યુનિવર્સિટી વડોદરાના ગુજરાતી વિભાગના પ્રોફેસરો પ્રૉ. દિપક રાવલ, ડૉ. નીતા ભગત, ડૉ. ભરત મહેતા, ડૉ. રાજેશ પંડયા,ડૉ. દર્શિની દાદાવાલા, ડૉ. ભરત પંડ્યા, ડૉ. શકીલ કાદરી વગેરે સર્વનો આ તકે હૃદયપૂર્વક આભાર માનું છું. ગુજરાતી વિભાગમાં મારી સાથે* Ph.D. *કરતાં સુશીલા વાઘમસી, ઉર્વશી ઉમરેઠિયા, જલ્પા પટેલ, અનિતા પાદરિયા,રાજેશ બાંભણિયા, દિલીપ ધોરિયા, ગિરીશ મકવાણા, હિરેન ગઢવી સર્વ મિત્રોનો આભાર માનું છું.*

*મારા સંશોધનકાર્યમાં ખાસ રસ દાખવનાર શ્રી નિસર્ગભાઈ આહીર, પ્રા. જયશ્રીબેન જોષી, ડૉ. રમેશચંદ્ર સાગઠિયાને પણ આ તકે કેમ ભૂલી શકાય. મારા સંશોધનકાર્ય દરમ્યાન સરકારી વિનયન કૉલેજ, ભાણવડના આચાર્ય શ્રી ડૉ. જે.આર. વાંઝાસાહેબ અને ત્યાંના સ્ટાફ તથા સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, આહવા-ડાંગના આચાર્ય શ્રી ડૉ. કે.એ. ભોયેસાહેબ અને સાથી સ્ટાફે પણ યથા સમયે યથા મદદ કરી તેમનો પણ આભાર માનું છું.*

*મારા સંશોધન માટે મને પુસ્તકો પૂરાં પાડનાર હંસા મહેતા લાઈબ્રેરી, વડોદરા, ગૂજરાત વિદ્યાપીઠ લાઈબ્રેરી, અમદાવાદ અને જિલ્લા સરકારી લાઈબ્રેરી, આહવાનો પણ આભાર માનું છું. જે મદદ જોઈતી હોય તે આપનાર મારા મિત્રો - જગમાલ કરંગિયા, અર્જુન ડાંગર, રાજેશ ડાંગર, રામસિંહ ડોડિયા, કમલેશ ગાયકવાડ, કિરણ ગામિત, દિલીપ ગાવિત, નેહા પારેખ, અર્ચના ભૂત, હેતલ રાઉતનો પણ આ તકે આભાર માનું છું.*